# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-10-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મંત્રી મંડળ વિસ્તરણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓની આવતીકાલે શપથવિધિ યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સવારે સાડા 11 વાગ્યે શપથવિધિ સમારોહ યોજાશે. રાજ્યપાલશ્રી રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણમાં સમાવિષ્ટ થનારા પદનામિત મંત્રીઓને હોદ્દા અને ગોપનીયતાના શપથ લેવડાવશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

----------------------------------------------------------------------------------------------

## વિકાસ રથ

વિકાસ સપ્તાહ દરમિયાન ગામડે-ગામડે ફરી રહેલા રાજ્ય સરકારના 34 વિકાસ રથ સાથે રાજ્ય મંત્રી મંડળના સભ્ય, સાંસદ અને ધારાસભ્યો ઉપરાંત 9 હજાર 363થી વધુ સ્થાનિક પદાધીકારી-અધિકારીઓ અને 2 લાખ 46 હજારથી વધુ નાગરીકો જોડાયા હતા. વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં કુલ રૂ. 959 કરોડથી વધુના 9 હજાર 254 કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત વિકાસ રથના માધ્યમથી વિવિધ યોજનાના 24 હજાર 533 લાભાર્થીઓને કુલ રૂપિયા 79 કરોડ 24 લાખની સહાય વિતરણ કરવામાં આવી હતી. તથા વિકાસ રથ દરમિયાન 2 લાખ 43 હજાર 754 થી વધુ નાગરિકોએ “ભારત વિકાસ પ્રતિજ્ઞા” લીધી હતી.

----------------------------------------------------------------------------------------------

# ધોરડો વિસ્તાર અંગે જાહેરનામા

ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. આ વર્ષે પણ અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવશે ત્યારે જિલ્લા મેજીસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ  ધોરડો રણ ઉત્સવ વિસ્તાર માટેના જુદા જુદા જાહેરાનામા બહાર પાડવામાં આવ્યા છે.

આ જાહેરનામા મુજબ ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે નિયત સમિતિ પાસે રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય અનઅધિકૃત રીતે ચાલતી ઘોડે સવારી, ઊંટ સવારી ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તથા ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે સબરસ બસ સ્ટેશનથી વોચ ટાવર સુધીના વિસ્તારમાં તથા વોચ ટાવરની આસપાસના સફેદ રણ વિસ્તારમાં ખાનગી વાહનોના પ્રવેશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તથા સફેદ રણ વિસ્તાર અને "રોડ ટુ હેવન" વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જાહેરમાં નાખવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે શિક્ષત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ જાહેરનામું **19** ઓક્ટોબરથી **17** ડિસેમ્બર **2025** સુધી અમલમાં રહેશે.

---

# દિવાળી નિમિત્તે બજારોમાં ભીડ

પ્રકાશ પર્વ શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે જિલ્લા મથક ભુજ સહિત ગાંધીધામ, અંજાર, રાપર, માંડવી, મુન્દ્રા, નખત્રાણા અને નલિયાની બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. બજારમાં ચહલપહલ વધતા  વેપારીઓને સારા વેપારની આશા બંધાઈ છે. ગ્રામ્ય વિસ્તારના લોકો તાલુકાના મુખ્ય મથક ખાતે દિવાળીની ખરીદી કરવા ઉમટી પડ્યા છે. હાલમાં તૈયાર કપડાની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે, બજારમાં દિવાળી નિમીત્તે આવેલી અવનવી વેરાયટીઓ ગ્રાહકોને આકર્ષી રહી છે. બજારમાં દિવાળીની મોડી રાત સુધી ગ્રાહકોની અવરજવર રહેશે તેવૂ વેપારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે.

---

## દીપ અપર્ણ કાર્યક્રમ

**હળવદ ભચાઉ નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા દિવાળીના પવિત્ર તહેવારમાં સંસ્થાના દિવ્યાંગ બાળકો દ્વારા બનાવાયેલા દીવડાનો દીપ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થા દ્વારા સવા લાખ દીપક દિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવ્યા, તે પ્રોજેક્ટ લાયન્સ ક્લબ ભચાઉને સુપરત કરવામાં આવ્યો હતો.લાયન્સ ક્લબ દ્વારા દિવ્યાંગ બાળકોની કામગીરીને બિરદાવવામાં આવી હતી.**

---

## તેરા તુકજો અર્પણ મુન્દ્રા

**તેરા તુજકો અર્પણ' ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં લોકોના ગુમ કે ચોરી થયેલા કિંમતી મુદ્દામાલ પરત મેળવવા જરૂરી કાર્યવાહી કરવાની ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અનુસંધાને મુંદરા પોલીસ સ્ટાફ દ્વારા ટેકનિકલ સર્વેલન્સના આધારે અલગ અલગ 21 લોકોના ચોરી કે ગુમ થયેલા મોબાઇલ ફોન શોધી અપાયા હતા. આ 21 મોબાલઇની કિંમત 4 લાખ 2 હજાર 906 રૂપિયા હતી. મોબાઇલ પરત મળતા અરજદારોએ સંતોષ સાથે મુંદરા પોલીસનો આભાર માન્યો હતો.**

---

## પોષણ સંગમ કાર્યક્રમ

**મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજ્યવ્યાપી આઠમા "રાષ્ટ્રીય પોષણ માહ" અંતર્ગત, કુપોષિત બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપન માટેના મહત્વપૂર્ણ કાર્યક્રમ 'પોષણ સંગમ' વિશે જનજાગૃતિ લાવવાના હેતુથી ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વોર્ડમાં 'પોષણ સંગમ જાગૃતિ દિવસ' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત કુલ 780થી વધુ સ્થળોએ કાર્યક્રમ યોજાયા હતા. આંગણવાડી કાર્યકર અને મુખ્ય સેવિકા દ્વારા**

**'પોષણ સંગમ' કાર્યક્રમ વિશે તેમજ કુપોષણના પ્રકારો તેમજ કુપોષણ નિવારવા અંગે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.**

**--------------------------------------------------------------------------------**

## ભુજ બુલિયન મર્ચન્ટ એસો.

**દિવાળીના તહેવારોને અનુલક્ષી ભુજ બુલિયન મર્ચન્ટ એસોસિએશન દ્વારા વ્યવસાય અને સુરક્ષાની જાળવણીને લઈ મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. સંસ્થા વેપારી અગ્રણીઓએ ભુજ એ અને બી ડિવિઝન પોલીસની મુલાકાત લઈ સુરક્ષાને લઈ મહત્વની ચર્ચા કરી હતી.**

**--------------------------------------------------------------------------------**